BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# શહેરના ભવિષ્યને ઉજ્જ્વળ બનાવવા માટે બ્રૅમ્પટન ન્યાયપૂર્ણ ફેડરલ અને પ્રોવિન્શયલ નીધિયનની હિમાયત કરે છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (11 માર્ચ 2021) – શુક્રવાર, માર્ચ 12ના રોજ, બ્રૅમ્પટન મેયર પૅટ્રિક બ્રાઉન બ્રૅમ્પટનના સાંસદો અને MPPને મહત્ત્વપૂર્ણ અગ્રિમતાઓની હિમાયત કરવા અને શહેરના ભવિષ્યને સુરક્ષિત કરવા અને પરિવર્તન આણવા માટે ઓનલાઇન મળશે.

COVID-19ના રોગચાળાએ બ્રૅમ્પટનની મહત્ત્વપૂર્ણ અગ્રિમતાઓની અગત્યતા વધારી દીધી છે જેમકે આરોગ્ય સંભાળ, પરિવહન અને આર્થિક પુનર્જીવન. અંદાજપત્ર પૂર્વેની ફેડરલ અને પ્રોવિંશ્યલ સલાહમસલતો મારફતે, સીટી ઓફ બ્રૅમ્પટન શહેરની તુરંતની અને લાંબાગાળાની જરૂરિયાતોને સુરક્ષિત કરવા સમાનતાયુક્ત નીધિયન માટે હિમાયત કરી રહ્યા છે જેમાં ગાઢ ભાગીદારીઓ અને સહયોગનો સમાવેશ થાય છે.

સીટી ઓફ બ્રૅમ્પટન દ્વારા તાજેતરમાં સેફ રિસ્ટાર્ટ અગ્રીમેન્ટનું વિસ્તરણ 2021ના અંત સુધી કરવા વિનંતી કરવામાં આવી હતી અને તેઓ મ્યુનિસિપલ ટ્રાન્ઝિટ સિસ્ટમોને મદદરૂપ થશે એવા વધારાના $150 મિલિયનના પ્રોવિંશ્યલ ભંડોળની તાજેતરની જાહેરાતને આવકારે છે. આના પરિણામે મ્યુનિસિપાલિટીઓ માટે કુલ $650 મિલિયન હજું પણ 31 ડિસેમ્બર 2021 સુધી ઉપલબ્ધ છે, જ્યાં જે તે કિસ્સાઓ અનુસાર ડિસેમ્બર 2022 સુધીની સમયસીમાની છૂટ આપવામાં આવેલ છે.

રોજગાર ઊભા કરવા અને ગ્રીનહાઉસ ગૅસ એમિશનો ઘટાડવા માટે વ્યુહાત્મક ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટ્રાન્ઝિટ પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવા માટે સીટી ઓફ બ્રૅમ્પટન 2020માં મેળવેલ નીધિયન પર આધાર રાખીને વિનંતી કરે છે, જેમકે નવી ટ્રાન્ઝિટ જાળવણી અને સંગ્રહ કરવાની સુવિધાઓ અને ઝીરો એમિશન ફ્લીટ.

બાકીના ઓન્ટારિયોની સરખામણીમાં બ્રૅમ્પટનની આરોગ્ય સંભાળની ક્ષતિ આવરી લેવા તાકીદે પ્રોવિંશ્યલ નીધિયન નીચે આપેલ બાબતો સહિત આરોગ્ય સેવાઓની આખી શ્રેણી માટે અતિમહત્ત્વપૂર્ણ છે: રોગ નિવારણ અને આરોગ્ય વૃદ્ધિ; સામાજિક અને સાર્વજનિક આરોગ્યના કાર્યક્રમો,; ગૃહ સંભાળ; અને ઇન્ટિગ્રેટેડ હેલ્થ એન્ડ વેલનેસ માટે બ્રૅમ્પટન સિવિલ હૉસ્પિટલ અને પીલ મેમોરિયલ સેંટર ખાતેની હૉસ્પિટલની સેવાઓ.

7,00,000 કરતા વધુ રહેવાસીઓ સાથે બ્રૅમ્પટન કૅનેડાનું નવમું સૌથી વિશાળ વૈવિધ્ય અને ઝડપથી વધતી વસ્તી સાથેનું શહેર છે. ટેકનોલોજીની ક્ષમતા અને ઇનોવેશનથી વિકાસ પામતા ઉદ્યોગો માટે રોજગાર વૃદ્ધિ માટે સીટી ઓફ બ્રૅમ્પટન માટે કૌશલ્યોને વિકસાવવા તે અગ્રીમતા છે.

અંદાજપત્ર પૂર્વેની રજૂઆતોના મુખ્ય મુદ્દાઓમાં નીચે આપેલ બાબતો સામેલ છે:

• બ્રૅમ્પટનમાં "હૉલવે મેડિસિન" સમાપ્ત કરવા માટે ત્વરિત અને સમાનતાયુક્ત પ્રોવિંશ્યલ આરોગ્ય સંભાળ નીધિયન

• ડાઉનટાઉન બ્રૅમ્પટનને ખુલ્લુ મુકવા અને અવિરત રહેતા વિકાસ અને વૃદ્દિધની સહાયતા માટેના રિવરવૉક માટે પ્રોવિંશ્યલ નીધિયન
• ઈલેક્ટ્રિક ટ્રાન્ઝિટ વેહિકલ્સ માટે ત્રીજી ટ્રાન્ઝિટ જાળવણી અને સંગ્રહની સુવિધા માટે ફેડેરલ નીધિયન
• ક્વીન સ્ટ્રીટ BRT પ્રોજેક્ટ માટે નિવેશ કરીને આંતર પ્રાદેશિક, ઉચ્ચ સ્તરના ટ્રાન્ઝિટ નેટવર્કની સહાયતા
• પર્યાવરણ આકારણી અભ્યાસ હાથ ધરવામાં આવે છે ત્યાં સુધી હુરોન્ટારિયો મેઇન સ્ટ્રીટ LRT એક્સ્ટેન્શનમાં નિવેશ
• મેટ્રોલિંક્સ (Metrolinx) સાથે GO ટ્રાન્ઝિટ રેલ વિસ્તરણને ગતિ આપવી અને આખા દિવસની ટૂ-વે સર્વિસ માટે નીધિયન
• બ્રૅમ્પટન યુનિવર્સિટી ઍક્ટ (Brampton University Act) પસાર કરીને BramptonUની સ્થાપના કરવા પ્રોવિંશ્યલ કાયદો લાવવો અને પોસ્ટ-સેકન્ડરી શિક્ષણ અને ક્રિટિકલ ઇનોવેશન અને ટેકનોલોજી ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં નિવેશ

અંદાજપત્ર પૂર્વેની રજૂઆતો વાંચવા માટે અહીંક્લિક કરો.

**સુવાક્યો**

“આપણા સરકારી ભાગીદારો સાથે સહયોગ કરવાથી આપણા સહીયારા પ્રતિલાભને સહાયતા મળશે. COVID-19 ના રોગચાળાએ સમયસર અને સમાનતાયુક્ત નીધિયનની જરૂરિયાત વધુ માત્રામાં આવશ્યક બનાવી છે જેથી ઓન્ટારિઓની સરખામણીમાં બ્રૅમ્પટનના આરોગ્યની સંભાળમાં રહેલ અંતર ઓ઼ થઈ શકે. તેથી જ અમે પ્રોવિન્સને આણી વધતી જતી વસ્તી માટે અક્યુટ કેર હૉસ્પિટલ અને મેડિકલ સ્કૂલ માટે હિમાયત કરી રહ્યા છે.

આપણા સમાજના આરોગ્ય અને સુખાકારી માટે તે પણ ખાતરી કરી લેવી અતિ અગત્યની છે કે આપણી પાસે સુલભ અને ટકાઉ જાહેર પરિવહન હોય. આ બાબત અમે અમારા ફેડેરલ ભાગીદારો સમક્ષ મુકીશું જ્યારે અમે તેમને જણાવીશું કે બ્રૅમ્પટનમાં ઇલેક્ટ્રિક ટ્રાન્ઝિટ વેહિકલ્સ માટે ટ્રાન્ઝિટ જાળવણી અને સંગ્રહની સુવિધાનું વિદ્યુતિકરણ કરવા માટેની તેમની સહાય કેટલી અનિવાર્ય છે.

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

“બ્રૅમ્પટન દેશની સૌથી યુવા અને વૈવિધ્યપૂર્ણ વસ્તી ધરાવે છે. આ શહેર વ્યવસાયો અને નિવેશકારો માટે એટલે આકર્ષક છે કારણકે તે ઇનોવેશન કોરીડોરના કેન્દ્ર સ્થાને આવેલ છે જ્યાં GTHA ટૅલન્ટ પૂલ અને બજારો સુલભ છે અને સાથે જ વિકાસ કરી શકાય એવી જમીનની ઉપલબ્ધતા છે. સીટી ઓફ બ્રૅમ્પટન આપણા ફેડેરલ અને પ્રોવિંશ્યલ ભાગીદારો સાથેની ભાગીદારી ચાલુ રાખવા ઉત્સુક છે જેથી આપણા શહેર, ઓન્ટારિયો અને કૅનેડા માટે આ નવા દાયકાને પુનર્વ્યાખ્યાયિત કરી શકાય.

*- ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું

નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
ગુરવિંદર સિંઘ (Gurvinder Singh)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-2028 | Gurvinder.A.Singh@brampton.ca